# જૈન શાસન સ્થાપના દિવસ

વૈશાખ સુદ ૧૧ તારીખ ૨૬/૦૪/૨૦૧૮ ગુરૂવાર છે. આપણા ઉપકારી શ્રી મહાવીર પ્રભુએ આ શુભ દિવસે સંઘની સ્થાપના કરી હોવાથી આપણે આ મહાન જૈન શાસનના સભ્ય બનવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે.

- મહાવીર પ્રભુએ સ્થાપેલ જૈન શાસન એટલે આત્માને આદર્શ ગુણોની ભેટ અપાવતું શાસન.
- જૈન શાસન એટલે પારિવારિક પ્રેમ વધારતું શાસન.
- જૈન શાસન એટલે સકળ જીવો સાથે મૈત્રીભાવોથી ભાવિત કરતું શાસન.
- જૈન શાસન એટલે આત્માને પરમાતમ સ્વરૂપ બનાવતું શાસન.

જૈન શાસનના આપણા ઉપર અનેક ઉપકારો હોવાથી અંતરના શુભ ભાવથી ભાવિત થઈને શાસન સ્થાપનાના શુભ દિવસે સકળ સંઘના સભ્યોએ પોતાના પરિવાર સાથે ઘરમાં રાત્રે ૮.૦૦ વાગ્યે સમુહમાં બાર નવકાર મંત્રનો જાપ તેમજ **'ૐ શ્રી મહાવીરાય નમ:'** નો ૨૭ વખત જાપ કરવો, અને સાથે મળીને બે હાથ જોડીને ત્રણ વખત ભાવથી બોલવાનું છે:

**'ધન્ય શ્રી જિન શાસનમ:'**

ઉપર મુજબ દરેકને પોતાના ઘરે કરવા નમ્ર વિનંતિ છે.